સીમકાર્ડના વેચાણ સામે પોલીસ આકસ્મિક તપાસ હાથ ધરશે

નાના ગલ્લાથી લઈ મોબાઈલ શોપ્સમાં પોલીસતંત્ર સીમકાર્ડના વેચાણની યોગ્યતા તપાસશે

ગાંધીનગર, તા. ૧૧

આતંકવાદી હૂમલાની દહેશતના પગલે જિલ્લામાં સલામતીને સ્પર્શતા પરિબળો તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ પોલીસ દ્વારા સીમકાર્ડ વેચતા નાના ગલ્લાઓથી લઈ મોટી શોપ્સમાં પણ આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવશે.

દિલ્હીમાં બ્લાસ્ટ થયા બાદ ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગર સહિતના મોટા શહેરોને આતંકવાદી હૂમલા જેવા બનાવો માટે તૈયાર રહેવા ધમકી પણ મળી હતી. જ્યારે આ સ્થિતિને અનુલક્ષી ગાંધીનગર જિલ્લા પોલીસે પણ પેટ્રોલીંગ સઘન બનાવવા ઉપરાંત વાહનચેકીંગ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે. વધુમાં હુમલાખોર તત્વો દ્વારા મોબાઈલ ફોનનો પણ ઉપયોગ થતો હોવાથી સીમકાર્ડ વેચાણ કરતા વેપારીઓની હરકત સામે પણ પોલીસ વોચ રાખી રહી છે. જિલ્લા પોલીસ વડાના આદેશથી સીમકાર્ડનું વેચાણ કરતી તમામ મોબાઈલ શોપ્સથી લઈ નાના ગલ્લાઓની આકસ્મિત તપાસ હાથ ધરવામાં આવી છે. સીમકાર્ડ વેચાણ લેનાર દરેક વ્યક્તિની ઓળખના તમામ પુરાવા લેવાનું આયોજન કંપનીઓ માટે ફરજિયાત બનાવી દેવાયું છે. ત્યારે સીમકાર્ડ વેચાણ કરતા વેપારીઓ દ્વારા પણ ગ્રાહક પાસેથી જરૂરી પુરાવા લેવાય છે કે કેમ તે અંગેની યોગ્ય તપાસ કરાશે. જ્યારે આ મામલે નિયમનો ભંગ કરનાર દુકાન માલિક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પણ જણાવ્યું છે.

આત્મન્ ફાઉન્ડેશન દ્વારા દિવાળી પર્વે ગરીબ બાળકોને કપડાં-નાસ્તા-ફટાકડાનું વિતરણ

ગાંધીનગર શહેરની સેવાભાવી સંસ્થા આત્મન્ ફાઉન્ડેશન દ્વારા આજ રોજ તા. ૧૧-૧૧-૨૦૧૨એ દિવાળી નૂતન વર્ષના તહેવાર નિમિત્તે વિવિધ સંસ્થાઓનાં કપડાં-નાસ્તા અને ફટાકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આત્મન્ ફાઉન્ડેશન દ્વારા છેલ્લાં ૧૫ વર્ષથી પ્રતિવર્ષ દિવાળીના તહેવારમાં તકવંચિત બાળકોને નવાં વસ્ત્રોનું વિતરણ કરવામાં આવે છે. આ વખતે સેકટર-૧ ઉની શ્રમજીવી વસાહતનાં ૧૨૫ બાળકો, સેકટર-૧૩ બાળ સુરક્ષા ગૃહનાં બાળકો, સેકટર-૧૨ નારી સંરક્ષણ ગૃહની બહેનો તેમજ સેકટર-૧૯ના બાળકો માટેના ખાસ ગૃહનાં બાળકોને નવાં વસ્ત્રો, નાસ્તો, ફટાકડાનું વિતરણ કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. દિપાવલી નિમિત્તે ભેટ સ્વીકારતા પહેલાં શ્રમજીવી વસાહતનાં બાળકોએ પ્રાર્થના, ગીત રજૂ કરીને મહેમાનોને આવકાર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના સભ્યો સર્વશ્રી એચ.બી. વરિયા, સી.એલ. મહેતા, કલ્યાણસિંહ ચંપાવત, ભરત કવિ, હસમુખ મેકવાન, તુષાર ઠકકર, મમતા રાવલ, સુધા શુકલ, પ્રજ્ઞા પટેલ, જયશ્રી ખેતિયા, સવિતાબેન અને કપિલાબેન માછી ઉપસ્થિત રહ્યા હતાં. **(તસવીર : દિપક જાની)**

જલારામ સેવા સમાજનું સ્નેહમિલન અને જલારામબાપાની શોભાયાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જલારામ સેવા સમાજ દ્વારા તા. ૧૪મી નવેમ્બર-૨૦૧૨ને બુધવારે સ્નેહમિલન સમારંભ સવારે ૯ થી ૧૧ કલાકે યોજાશે તથા જલારામ જન્મ જયંતિ નિમિત્તે તા. ૨૦મી નવેમ્બર-૨૦૧૨ને મંગળવારે જલારામ બાપાની શોભાયાત્રા કાઢવામાં આવશે.

જલારામ જયંતિના દિવસે શોભાયાત્રા સેક્ટર-૨૯થી સવારે ૮ કલાકે પ્રસ્થાન કરી, સેક્ટર-૨૮, ૨૯, ઘ-૬, ઘ-૫, પથિકાશ્રમ, સેક્ટર-૬-૭ બસ સ્ટેન્ડ થઈ ભોજલરામ મંદિર પહોંચશે. ભોજલરામ મંદિરે ૩ મિનિટના વિરામ બાદ શોભાયાત્રા પુનઃ પ્રસ્થાન કરી પથિકાશ્રમ, ઘ ચાડાચાર, શ્રી હનુમાનજી મંદિર, સેક્ટર-૧૭-૨૨, પંચદેવ મંદિર, સેક્ટર-૨૨-૨૯ થી શ્રી જલારામ ધાન પહોંચશે એમ પ્રમુખ દ્વારા જણાવાયું છે.

શિશુવિહારના ઉપક્રમે ૧૮મીએ ૨૧મો વૃદ્ધજન સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

જીવન સંધ્યાના આખરી પડાવે પણ સ્વસ્થ જીવન જીવી સમાજ ઉપયોગી કામોમાં પ્રવૃત્ત વડિલોનાં સન્માનનો કાર્યક્રમ આગામી તા. ૧૮ નવેમ્બરે શિશુવિહારનાં પ્રાંગણમાં યોજાશે.

ન્યાલચંદભાઈ વકીલ પરિવારનાં સૌજન્યથી છેલ્લા ૨૦ વર્ષથી યોજાતા કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૨માં ભાવનગરના લોકસેવક અને ૯૦ વર્ષે પણ ગાંધી વિચારની પ્રસ્તુતા માટે મથામણ કરતા પૂર્વ સાંસદ પ્રસન્નવદનભાઈ તેમજ ભાવનગરના ઉદ્યોગ જગતમાં નિતિમત્તા અને ગુણવત્તાને પ્રચલિત કરવા ૮૮ વર્ષે પણ સતત આદર્શ રૂપ ગુણવંતભાઈ વડોદરીયાનું સન્માન થશે.

ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરના વિદ્યાર્થી અને ગુજરાતના બાળ કેળવણીકાર પ્રેમશંકરભાઈ ભટ્ટ (ઉંમર-૧૦૩)ની વિશેષ ઉપસ્થિતિમાં યોજાનાર સ્વસ્થ વૃદ્ધત્વ સન્માન કાર્યક્રમમાં ભાવનગરના સાહિત્ય જગતને સમગ્ર ગુજરાતમાં અગ્રેસર કરનાર ૭૯ વર્ષના કેળવણીકાર પ્રાધ્યાપક ગંભિરસિંહજી ગોહિલ તથા ૯૦ વર્ષે પણ કાવ્ય રચનાઓથી બુધસભાનાં સાહિત્ય મંચ ઉપર સ્નેહ પ્રજવલિત રાખતા કવિ પ્રિયવદનભાઈ પાઠકનું સન્માન યોજાશે.

જીવનનાં અંતિમ ચરણને સંધ્યાનાં રંગ માફક ગુણસભર બનાવી સમાજ માટે પ્રેરણા શ્રોત વડિલોના સન્માન પ્રસંગે જીવદયા પ્રેમી અને જૈન શ્રેષ્ઠી નવલભાઈ શાહ તથા કુંભારવાડા સ્મશાનગૃહ પાસે ૮X૧૦ ફૂટની નાની ઓરડીમાં સાદગીથી જીવન જીવતા અને મૃતાત્માઓને પંચ મહાભૂતમાં વિલિન કરવાની મુંગી સેવા કરતા ૯૦ વર્ષના કડવીમાનું સન્માન કરવામાં આવશે.

માણસ સ્વયં પોતાનો ચાલક અને ઉધ્ધારક હોય છે. તે વાતની પ્રતિતિ નવી પેઢીને પણ મળે તેવા હેતુથી શિશુવિહારનાં પ્રાંગણમાં યોજાતા કાર્યક્રમમાં ભાવનગર વૃદ્ધાશ્રમ તેમજ શહેરના ૮૦ વર્ષથી વધુ વય ધરાવતા ૨૫૦ થી વધુ વડીલો ભાગ લઈ રામ-દરબારનો સત્સંગ અને સ્મૃતિ ભેટ સ્વિકારી પ્રસાદ લેશે.

ભાવનગરનાં વશિષ્ઠ પત્રકાર તથા પૂર્વ નાણામંત્રી પ્રતાપભાઈ શાહની અધ્યક્ષતામાં આગામી ૧૮ નવેમ્બરે સવારે ૯.૩૦ કલાક શિશુવિહારનાં પ્રાંગણમાં યોજાનાર સ્નેહ મિલન પ્રસંગે સન્માનિત વડિલોનું સ્મૃતિચિન્હથી સન્માન કરવામાં આવશે તથા તેમના સંક્ષિપ્ત પરિચયની પુસ્તિકા સમગ્ર ગુજરાતનાં વૃદ્ધાશ્રમોમાં મોકલવામાં આવશે.

ગોવર્ધનનાથજીની હવેલીએ દિપાવલી અને અન્નકૂટના દર્શનનો સમય ભક્તજનોએ નોંધવો

ગાંધીનગર, તા. ૧૧

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, વલ્લભધામ, ગાંધીનગર સેક્ટર-૨૧ ખાતે દિપાવલી અને અન્નકૂટના દર્શનનો સમય ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ દ્વારા ભક્તજનો માટે દર્શાવાયો છે. ૧૩ મી નવેમ્બરે સવારે ૪ થી ૪.૩૦ મંગળે, સવારે ૭.૩૦ થી ૮ શૃંગાર, સવારે ૧૧ થી ૧૧.૩૦ રાજભોગ, ઉત્થાપન બપોરે ૪ થી ૪.૦૫, સંધ્યા આરતી સાંજે ૪.૩૦ થી ૫ કલાકે, શયન આરતી સાંજે ૬ થી ૬.૩૦ કલાકે થશે. શયનમાં હાટડી, કાન જગાઈના દર્શન થશે. ૧૪મી નવેમ્બરે બેસતા વર્ષ નિમિત્તે મંગળા સવારે ૬ થી ૬.૩૦ કલાકે, ગોવર્ધન પૂજા ૯.૩૦ કલાકે, અન્નકૂટ દર્શન ૧૨ થી ૧૨.૩૦ કલાકે યોજાશે. ઉત્થાપન અને સંધ્યા આરતી ભીતરમાં થશે. જેની સૌએ નોંધ લેવી.

સિ.સિ.કા. દ્વારા બી.ઈ., બી.આર્ચ. અને એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓનું સન્માન યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગરના પ્રમુખ શિવલાલગર ગોસ્વામી એક અખબારી યાદીમાં જણાવે છે કે પાટનગર ગાંધીનગરમાં વસતા અને બી.ઈ. સિવિલ બી. આર્ચ, તેમજ એમ.બી.બી.એસ.ની પદવી વર્ષ-૨૦૧૧-૧૨ મેળવી હોય તેવા ગાંધીનગરના તમામ વિદ્યાર્થીઓનું સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા સન્માન કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં રહેતા અને બી.ઈ. સિવિલ, બી.આર્ચ. તથા એમ.બી.બી.એસ.-ની પદવી મેળવી હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ પોતાનું નામ, સરનામુ, ટેલિફોન નંબર તથા ગુણપત્રકની નકલ મંત્રી મહેન્દ્રભાઈ શાહ, બ્લોક નં. ૭૯૦/એ, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે ૨૫મી ડિસેમ્બર-૨૦૧૨ સુધી મોકલી આપવા માટે પ્રમુખ શિવલાલગર ગોસ્વામીએ જણાવ્યું છે.

કાળી ચૌદશ નિમિત્તે આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

સાધના, આરાધના અને ઉપાસનાનું દિવાળી પર્વ છે ત્યારે કાળી ચૌદશનો દિવસ એ હનુમાનજીની ઉપાસના કરવા માટે શ્રેષ્ઠ દિવસ છે. આજના આ દિવસે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે હનુમાનજી મંદિર, વાસણીયા મહાદેવ, વાસણ ખાતે સવારે ૯ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે. બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન સેક્ટર-૩-એ પ્લોટ નં. ૭૪/૧ ખાતે અને રાત્રે ૯ કલાકે ચ-૬ કોર્નર, શ્રી કષ્ટભંજન નિવાસ, જેની ફેશન, હર્ષદભાઈ મહેતા પરિવાર દ્વારા સુંદરકાંડના પાઠ યોજાશે.

આજે સેક્ટર-૫-એ ખાતે મારુતિ યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના શ્રી પંચમુખી મહાદેવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરના સેક્ટર-૫-એ ખાતેના શિવશક્તિ મંદિર, અંબાજી ચોકમાં આજે તા. ૧૨મી નવેમ્બર-૨૦૧૨ને સોમવારે રાત્રે ૮ કલાકે મારુતિ યજ્ઞ યોજવામાં આવશે. ગાંધીનગરના દરેક સેક્ટરના ધાર્મિક બંધુઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વડોદરા દુર્ઘટના બાદ ગાંધીનગરમાં ફાયર સેફટીનું ચેકીંગ

ફાયરબ્રિગેડની ટીમે સે. ૨૧ અને સે. ૬ બન્ને ફટાકડા બજારોમાં કરેલા ચેકીંગમાં કોઈ ખામી ન જણાઈ

ગાંધીનગર, તા. ૧૧

વડોદરાના પોલો ગ્રાઉન્ડ ખાતે આવેલા ફટાકડા બજારમાં શનિવારે બપોરે અચાનક ભિષણ આગ ફાટી નિકળી હતી અને આગને કારણે સંખ્યાબંધ દુકાનો ખાખ થઈ જતા કરોડોનું નુકશાન થવા પામ્યું હતું. જેને પગલે આજે ગાંધીનગર જિલ્લા ફાયરબ્રિગેડની ટીમે શહેરી વિસ્તારમાં લાગેલા ફટાકડાના સ્ટોલ પર જઈ આકસ્મિક ચેકીંગ કર્યું હતું. તેમજ તમામ નાની-મોટી બાબતોનું ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરીને વેપારીઓને સાવચેત રહેવા સૂચન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ફાયર ઓફીસર મહેશકુમાર રવિદાન મોડના જણાવ્યા મુજબ આજે શહેરમાં સ્થિત સે. ૬ અને ૨૧ વિસ્તારના ફટાકડા બજારમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું.

વધુમાં વડોદરાના પોલો ગ્રાઉન્ડ ખાતે આવેલા ફટાકડા બજારમાં શનિવારે બપોરે અચાનક ભિષણ આગ ફાટી નિકળવાની દુર્ઘટનાના પગલે એક વ્યક્તિનું મોત તથા દિવાળીના પર્વે ફટાકડાના વેપારીની આગને કારણે સંખ્યાબંધ દુકાનો બળીને ખાખ થઈ જતા વેપારીઓને કરોડોનું નુકશાન થવા પામ્યું હતું. વડોદરાની આ ગોજારી ઘટનાને પગલે આજે ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે શહેરમાં સ્થિત સેક્ટર-૨૧ અને સેક્ટર-૬માં તંત્ર દ્વારા ફાળવવામાં આવેલ ફટાકડા બજારમાં આકસ્મિક ચેકીંગ હાથ ધર્યુ હતું. જેમાં નિયમ મુજબના ફાયર સેફટીના સાધનો, ફાયર એસ્ટીંગ્યુઝર પાણી તથા રેતી જેવા આગ બુઝવવાના સાધનોનું જીણવટભર્યુ નિરીક્ષણ કર્યુ હતું. પરંતુ આ ચેકીંગમાં કોઈ ક્ષતિ જણાઈ ન હતી તેમ જણાવ્યું હતું.

રીક્ષામાં મીટરપ્રથા અમલી બનાવવાની યોજનાનું સુરસુરિયું

રીક્ષા ચાલકો બેરોકટોક બેફામ ભાડુ વસુલે છે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં રીક્ષા સ્ટેન્ડ બનાવવાની કાર્યયોજના છેલ્લા એક દાયકાથી ટલ્લે ચઢી છે જયારે માર્ગ વચાળે ગમે ત્યાં પાર્ક થતી રીક્ષાઓમાં બેસવાનું પણ આમ નગરિકો માટે મોંઘેરુ બન્યું છે. પોલીસતંત્રના રીક્ષા મીટરથી દોડાવવાના આદેશ બાદ પણ રીક્ષાચાલકો બેફામ ભાડુ વસુલતા હોવાનો સૂર પ્રબળ બન્યો છે. અલબત્ત મીટરપ્રથા મુજબ રીક્ષા ભાડુ વસુલવાની વાતનું સૂરસૂરિયું થઈ ગયું છે.

શહેરમાં સાડા ચાર દાયકાથી વધુ સમયના અંતે પણ રીક્ષા ભાડુ વસુલવા મીટર પ્રથાનો અમલ થઈ શકયો નથી. રાજયના મોટાભાગના શહેરોમાં દોડતી રીક્ષાઓમાં મીટર પધ્ધતિથી ભાડુ વસુલવામાં આવે છે. પરંતુ પાટનગરમાં જ આ મામલે દિવા તળે અંધારું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરમાં રીક્ષાઓ સી.એન.જી. સંચાલિત હોવા છતાં મુસાફરો પાસેથી પેટ્રોલના ભાવે ભાડુ વસુલવામાં આવે છે. આમ નાગરિકો પાસેથી રીક્ષા ચાલકો બેફામ ભાડા વસુલતા સ્થાનિક સંસ્થાઓ દ્વારા પણ અગાઉ રેન્જ ડી.આઈ.જી. સમક્ષ લોક દરબારમાં પણ રીક્ષામાં મીટર પ્રથા અમલી બનાવવા રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ શહેરમાં પર્યાપ્ત બસ વ્યવસ્થાના અભાવ વચ્ચે રીક્ષા ચાલકો દ્વારા મનસ્વી રીતે ભાડાની વસૂલાત થતા મોંઘવારીમાં પીસાતા આમ નાગરિકોની મુંઝવણ વધી છે. શહેર વસાહત મહામંડળ પ્રમુખ અરૂણ બૂચે પણ આ મામલે રજૂઆત કરી રીક્ષામાં મીટર ભાડા પ્રથા અમલી બનાવવા જણાવ્યું હતું. આ તબક્કે પોલીસતંત્ર દ્વારા હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યા બાદ પણ હાલ શહેરમાં બેફામ રીક્ષા ભાડુ ઉઘરાવાય છે. મીટરપ્રથા મુજબ ભાડુ વસુલવાની વાત ફરી એકવાર પોકળ સાબિત થઈ હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે.

શ્રેયસ ફાઉન્ડેશન દ્વારા ઓરલ હાઈજીન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના શ્રેયસ ફાઉન્ડેશનના ઉપક્રમે તાજેતરમાં ગાંધીનગરના સ્મૃતિ વિકાસ ટ્રસ્ટ, મંદબુદ્ધિ ધરાવતા બાળકોની સ્કૂલ ખાતે અવેરનેશ ફોર ઓરલ હાઈજીન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અવેરનેશ ફોર ઓરલ હાઈજીન કેમ્પમાં અમદાવાદ ખાતેના શ્વેતલબેન વોરા અને સિવિલ હોસ્પિટલના ડૉ. ભાવિકા પાટડિયા, ડૉ. દિલીપ દેસાઈ અને ડૉ. જયદેવ વાનોલે ખાસ હાજરી આપી તમામ બાળકોના દાંતની ચકાસણી કરી હતી અને સંચાલક મંડળ તથા સ્ટાફને પ્રેઝન્ટેશન સાથે બાળકોમાં અવેરનેશ આવે તે બાબતે ઉપયોગી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. શ્રેયશ ફાઉન્ડેશન ગાંધીનગરના પ્રમુખ શૈલેષભાઈ પટેલના હસ્તે બાળકોને ગિફ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગ રોડ ઉપર સેક્ટર-૧૨/૧ ઉના જંક્શન પાસે એક ગટરનું ઢાંકણું તૂટી જતાં ગટર ખુલ્લી થઈ ગઈ છે. સ્થાનિક રહીશે રાહદારીઓનું ધ્યાન પડે એવો પ્રયાસ કર્યો છે, પણ રિપેરીંગ જરૂરી છે. (તસવીર : દિપક જાની)

સે. ૨૨ના બંધ મકાનમાં આગ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના સે. ૨૨ પ્લોટ નં. ૩૩૩/૨ ખાતે રહેતા મકાન માલિક પરીવાર સાથે બહાર ગામ ગયા હતા. દરમ્યાન આજે આ બંધ મકાનમાં અચાનક કોઈ કારણોસર શોર્ટ સર્કીટ થતાં આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ થતા સ્થળ પર તેની ટીમ દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવીને આગને નિયંત્રણમાં લઈ લીધી હતી. આ ઘટનામાં સદ્દભાગ્યે કોઈ મોટું નુકશાન કે માલહાનિ પહોંચવા પામી ન હતી. સમયસર આગ પર કાબુ મેળવી લેવાતા દૂર્ઘટના ટળી હતી.

સમૌ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

કાળી ચૌદશના અવસરે સુંદરકાંડના સંગીતમય પાઠનું દિલીપભારતી ગોસ્વામી અને બાલ કીર્તનકાર હિરલ ગોસ્વામીની વ્યાસપીઠે આજે તા. ૧૨મી નવેમ્બરને સોમવારે સવારે ૯ કલાકે શ્રી છબીલા હનુમાનજી મંદિર, સમૌ, ગોઝારિયા ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫
સૂર્યાસ્ત : ૬.૦૪

તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫.૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
સ્કાયફૉલ (અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૨.૪૫, ૩.૪૫
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૬.૪૫, ૯.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સ્કાયફૉલ (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૯.૦૦
કેવી રીતે જઈશ (ગુજરાતી) : ૬.૧૫
: સ્ક્રીન-૨ :
સ્ટુડન્ટ ઓફ ધ યર : ૧૧.૧૫, ૪.૩૦
ઓહ માય ગૉડ : ૨.૦૦
સ્કાય ફૉલ : ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
લવ સવ તેય ચીકન ખુરાના : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૧૫
ઓહ માય ગૉડ : ૭.૦૦

સૂર્યા, વાવોલ

૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું આવીશ સાજન તને મારા સમ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લોક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૦.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
સ્કાયફૉલ : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૨.૩૦, ૩૦.૩૦, ૬.૩૦, ૯.૩૦

સિરાગ, કલોલ

૧૯૨૦- ઈવીલ રીર્ટન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- કાળી ચૌદસ નિમિત્તે સેક્ટર-૨/એ ખાતે આવેલ બાલા હનુમાનજી મંદિર ખાતે સાંજે ૭.૦૦ કલાકે સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન.

આપની આજ

મેષ : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

મિથુન : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

સિંહ : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

મીન : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

- સ્વ. પ્રકાશચંદ્ર ચુનીભાઈ પટેલ (ઉ. વ. ૬૦) મુ.પો. નવા કોબા, તા., જિ. ગાંધીનગર.